GJJN110006832025

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | 03 | 12 | 2025 |
| દાખલ તારીખ : | 03 | 12 | 2025 |
| ફેસલ તારીખ : | 08 | 04 | 2026 |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | 00 | 04 | 05 |

**આંક : ૧૫.**

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**ફોજદારી કેસ નં.૭૫૬/૨૦૨૫.**
**આંક : ૧૫.**

**ફરીયાદી :–** શ્રી સરકાર...
(ભેસાણ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૭૨૫૦૩૧૭)

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** વિશાલ લલીતભાઈ ચૌહાણ,
ઉ.વ.૧૯, ધંધો –મજુરી, રહે.રાણપુર, તા.ભેસાણ, જી.જુનાગઢ.

---

**ગુનો :–** ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એમ.એચ.સિંધી.
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી વી.વી.રાણવા.

---

## ઠ રા વ

**(૧).** ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ તારીખ : ૦૯/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૧૫ વાગ્યાના અરસામાં ભેંસાણ તાલુકાના રાણપુર ગામે પોતાના હવાલાની મારૂતિ સુઝુકી કંપનીની એકસેસ મોટર સાયકલ જેના રજી.નં. જી.જે.૧૧ સી.જે.૦૭૭૫, કિંમત રૂા. ૩૦,૦૦૦/–માં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પીવાના વિદેશી દારૂની બોટલો ROYAL STAG SUPERIOR WHISKY ફોર સેલ ઈન ચંદીગઢ ઓનલી લખેલ ૭૫૦ એમ.એલ. ની બોટલો નંગ–૨ જે પૈકી ૧ બોટલ સીલબંધ તથા બીજી બોટલમાં આશરે ૩૦૦

મી.લી. જેટલો વિદેશી પીવાનો દારૂ ભરેલ બોટલ, જે બંનેની કિંમત રૂા.૯૭૩/– નો પ્રોહીબીશન મુદ્દામાલ રાખી હેરાફેરી કરી, કુલ કિંમત રૂા.૩૦૯૭૩/– ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી પાછળથી તપાસ દરમિયાન પકડાઈ જઈ ગુનો કરેલ હોવાની હકીકતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). ત્યારબાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને ત્યારબાદ ઉપરોકત ગુના અંગે આરોપી સામે આંક–૭ થી તહોમતનામુ ઘડી, આંક ૮ થી પ્લી લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ સદર ગુનો કર્યાનો ઈન્કાર કરતા, તેઓ સામેની કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩). આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

## (૩.૧). મૌખિક પુરાવો :–

| ક્રમ | સાહેદ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | વિપુલભાઈ જેન્તીભાઈ મારૂની જુબાની. | ૦૯ |
| ૨. | ત.ક.અધિકારી | રવિરાજસિંહ ઉદયસિંહ વાઘેલાની જુબાની. | ૧૧ |

## (૩.૨). દસ્તાવેજી પુરાવો :–

| અનુ નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. | ૧૦ |
| ૨. | ફરીયાદ. | ૧૨ |
| ૩. | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેની પહોંચ. | ૧૩ |

(૪). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા, જેથી ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ લગત આરોપી નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષની તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને તેઓ નિર્દોષ હોવાની અને તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓએ પોતે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા નથી, તેવી હકીકત જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીના વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫). આ કામે વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે,તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી ગુજરાત પ્રોહીબીશન એકટ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે અને આ કામે ફરીયાદ પક્ષના સાહેદોની જુબાની જોતાં, આરોપી વિરૂધ્ધના ગુનાના તત્વો પુરવાર કરવામાં પ્રોસીકયુસન સફળ રહેલ છે જે નહીં માનવાને કોઈ કારણ નથી અને આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદ પક્ષના પોલીસ સાહેદની આરોપીના વિ.વકીલશ્રી તરફે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ, તેમાં તેઓ કોઈ વિરૂધ્ધની હકીકત કઢાવી શકેલ નથી. માત્ર પંચ સાહેદ ફરી જવાથી કેસના ગુણદોષ ઉપર કોઈ નકારાત્મક અસર થતી નથી.પંચનામામાં પંચો તેઓની સહી કબુલ રાખેલ છે. આરોપી પાસેથી વિદેશી દારૂ મળી આવેલાનું સાહેદની જુબાનીથી પુરવાર થાય છે. વધુમાં, ગુજરાત રાજયમાં દારૂબંધી હોઈ, જેથી આરોપીને આવા સમાજ વિરોધી ગુનામાં તકસીરવાન ઠરાવી સમાજમાં દાખલો બેસે તે હેતુથી સખત કેદની સજા કરવા વિનંતી કરેલ છે.

(૫.૧). આ કામે બચાવપક્ષે, આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલો કરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની જોગવાઈ મુજબનો ગુનો પુરવાર થતો નથી. મુદ્દામાલ કબજે લીધા અંગે પંચનામુ કરવામાં આવેલ છે, પરંતુ પંચ સાહેદોની જુબાની ધ્યાને લેતા પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.જેથી આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોવાની કોઈ હકીકત માની શકાય તેમ નથી.વધુમાં આ કામે ફરીયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પોલીસ સાહેદ છે અને જયારે મુદ્દામાલ રીકવરીપંચનામું પુરવાર થયેલ ન હોઈ તો માત્ર પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપીને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૬). સદરહું કેસના ન્યાચિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

**મુદ્દા નં.૧. :** શું ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૧૫ વાગ્યાના અરસામાં ભેંસાણ તાલુકાના રાણપુર ગામે પોતાના હવાલાની મારૂતિ સુઝુકી કંપનીની એકસેસ મોટર સાયકલ જેના રજી.નં.જી. જે.૧૧ સી.જે.૦૪૪૫, કિંમત રૂા.૩૦,૦૦૦/– માં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પીવાના વિદેશી દારૂની બોટલો ROYAL STAG SUPERIOR WHISKY ફોર સેલ ઈન ચંદીગઢ ઓનલી લખેલ ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૨ જે પૈકી ૧ બોટલ સીલબંધ તથા બીજી બોટલમાં આશરે ૩૦૦ મી.લી. જેટલો વિદેશી પીવાનો દારૂ ભરેલ બોટલ, જે બંનેની કિંમત રૂા.૯૭૩/– નો પ્રોહીબીશન મુદ્દામાલ રાખી હેરાફેરી કરી, કુલ કિંમત રૂા.૩૦૯૭૩/

ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી પાછળ થી તપાસ દરમિયાન પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨. :** શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય માટેના કારણો</u> :–**

**<u>મુદ્દા.નં.૧</u> :–**

**(૮).** આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે સાંભળવામાં આવેલ દલીલોનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ આંક–૧૦ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા બાબતે આંક–૦૯ થી પંચ સાહેદ વિપુલભાઈ જેન્તીભાઈ મારૂને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાની માં આંક–૧૦ થી રજુ પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. આમ સદરહું પંચ સાહેદે આંક–૧૦ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ, પંચ સાહેદની આરોપીના વિધ્વાન વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં સદર પંચ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી, તે સિવાય પંચનામાની વિગતે તેઓ કંઈ જાણતા નથી. આમ, સદરહું કામે આંક–૧૦ થી રજુ થયેલ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના જે પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તેમણે માત્ર પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરી છે તે સિવાય તેઓને પંચનામાની વિગતની કાંઈ ખબર નથી. જેથી આ કામે આંક–૧૦ વાળુ પંચનામું પુરવાર થતું નથી. તેવા

સંજોગોમાં ***નામદાર ગુજરાત હાઈકોર્ટના જીવાભાઈ ટી. વસાવા વિ. સ્ટેટના ૨૦૦૪ (૧) જી.એલ.આર.૪૬૦ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,*** *None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of recovery panchnama have also not been proved by Investigation Officer. In such a situation, recovery panchanama cannot be read in evidence.*

(૯). ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર રવિરાજસિંહ ઉદયસિંહ વાઘેલાને આંક ૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે,તેઓનો સોગંધ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, બનાવના દીવસે તેઓ આરોપીની મોટર સાયકલ નં. જી.જે.૧૧ સી.જે.૦૪ ૪૫ ને ચેક કરતા વિદેશી દારૂની ૨ બોટલો તેમજ મોટર સાયકલ કબજે કરેલ. આ ગુનાની ફરીયાદ તેમના રૂબરૂ આપવામાં આવેલી. જેમાં રૂબરૂ તરીકે તેમની સહિ છે. જે ફરીયાદ આ કામે આંક–૧૨ થી રજુ થયેલ છે. તેમજ આ કામે કબજે લીધેલ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરી તે અંગે વિગતવારનું પંચનામું કરેલ જે આંક–૧૦ થી રજુ છે તેમાં તેઓની તથા પંચોની સહી છે તેમજ મુદ્દામાલ એફ.એસ. એલ.માં પૃથ્થકરણ માટે મોકલેલ તેની પહોંચ આંક–૧૩ થી રજુ રાખેલ છે. આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો હોય, તેઓએ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. સદર કામે ઉપરોકત સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આ કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ સાહેદોના નિવેદનો નોંધેલ નથી.

(૧૦). આમ, ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષના કેસની હકીકતો ધ્યાને લેતાં, આ કામના આરોપી બનાવ સમયે બનાવ સ્થળેથી ગેરકાયદેસર રીતે કોઈ પાસ પરમીટ વગર વિદેશી દારૂની ૨ બોટલો, કિંમત રૂા.૯૩૭/–નો પ્રોહી મુદ્દામાલ રાખી પકડાઈ ગયેલ. ત્યારે તેવા સંજોગોમાં જે જગ્યાએથી વિદેશી દારૂ મળી આવેલ હતો તે જગ્યા તેમજ મુદ્દામાલ વિદેશી દારૂ આરોપીની માલીકીનો હતો તથા તે સ્થળ ઉપર આરોપી ની હાજરી હતી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહે છે.પરંતુ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં કહેવાતી બનાવવાળી જગ્યાએથી આરોપીના કબજામાંથી વિદેશી પીવાનો દારૂ

મળી આવેલ હતો તેમજ આ મુદ્દામાલ મોટર સાયકલ આરોપીની માલીકીનું હતુ તેવું સાબિત કરી શકે તેવા કોઈ સ્વતંત્ર અને માનવાલાયક આધાર પુરાવા આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષ તરફથી કહેવાતો પકડાયેલો વિદેશી દારૂ આરોપીના કબજામાંથી મળી આવેલ, તેવું પુરવાર કરવા માટે આંક–૧૦ થી રજુ થયેલા પંચનામા ઉપર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ,આ પંચનામાના પંચ સાહેદનો આંક–૯ નો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓ આંક–૧૦ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતાં નથી અને પોલીસે તેઓની તૈયાર પંચનામા ઉપર સહી લીધેલાની હકીકત જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતા આંક–૧૦ વાળુ પંચનામું પંચોની હાજરીમાં અને પંચ સાહેદ ના લખાવ્યા મુજબ પોલીસે લખેલ હોય તેવી કોઈ હકીકત સાબીત થતી નથી. જેથી આંક–૧૦ વાળું પંચનામું પુરવાર થતું નથી. આ સંજોગોમાં કહેવાતો પકડાયેલો વિદેશી દારૂ આરોપીનો હતો કે કેમ તથા તે આરોપીના કબજામાંથી મળી આવેલ હતો તેવું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી બીજા કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી અને તે અંગેનો કોઈ લેખીત આધાર પણ રજુ કરવામાં આવેલ નથી. આમ, આરોપી પાસેથી કોઈ વિદેશી દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. ત્યારે તેવા સંજોગોમાં કહેવાતો પોલીસે કબજે લીધેલો પીવાનો વિદેશી દારૂનો પ્રોહીબીશન મુદ્દામાલ આરોપીની જ માલીકીનો હતો કે કેમ ? તે હકીકત પુરવાર થતી નથી. વધુમાં, આ કામે તપાસ કરનાર અમલદાર સાહેદે પોલીસ સિવાયના તટસ્થ સાહેદના નિવેદનો લીધા નથી તથા કહેવાતો મુદ્દામાલ જે મોટર સાયકલમાંથી મળી આવેલ તે મોટર સાયકલ આરોપીની માલીકી કબજા હેઠળનુ હતુ કે કેમ તે બાબતના કોઈ આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ વિદેશી દારૂ હતો કે કેમ તે લગતના કોઈ આધાર પુરાવા આ કામે રજુ થયેલ નથી. જેથી આ કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ અનુમાન આધારે આરોપી સામે ચાર્જશીટ કરેલ હોવાનું જણાઈ આવે છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના સાહેદોની જુબાની શંકા ઉપજાવે છે.આમ, સમગ્ર ચર્ચાને અંતે આરોપીને સદર ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો ન

હોય, આરોપી સામેનો ગુનો ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ નથી.

**(૧૨).** વધુમાં, સદર કામે ફરીયાદ પક્ષ તરફે તટસ્થ અને સ્વતંત્ર એવા પંચ સાહેદો સિવાય અન્ય કોઈ તટસ્થ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી અને પંચ સાહેદે પંચનામાની કે ફરીયાદની હકીકતને સમર્થન આપેલ નથી. જે હકીકતો ધ્યાને લેતાં તથા ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી.

**(૧૩).** વધુમાં, ***નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)*** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે.આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપી એ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. જેથી ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે આરોપીને તેની સામેના ગુના સાથે સાંકળતો કોઈ સબળ પુરાવો, જણાઈ આવતો ન હોઈ, તેથી આરોપી સામેના ગુનાનું તહોમત ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ ન હોઈ, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકાર માં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

(૧). આ કામના આરોપી વિશાલ લલીતભાઈ ચૌહાણ, ઉ.વ.૧૯, ધંધો–મજુરી, રહે.રાણપુર, તા.ભેસાણ, જી.જુનાગઢને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ તેઓની સામેના ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે કબજે કરવામાં આવેલ દારૂના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે આરોપીએ અગાઉ આપેલા જામીન તથા જાતમુચરકો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૮ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૮/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)